શિયાળાની હજુ જોઈએ તેવી શરૂઆત થઈ નથી અને એટલા ફટાકડા પણ ફૂટ્યાં નથી છતાં

સુરતની હવા અમદાવાદ કરતાં વધુ પ્રદૂષિત

કોસાડ EWS ટાઉનશિપમાં AQI 255 સાથે સૌથી ખરાબ સ્થિતિ

ન્યૂ સિટીલાઇટ અને અડાજણમાં પણ હવા ભારે પ્રદૂષિત

ઉત્રાણ, બાલેશ્વર સહિતના વિસ્તારોમાં પણ પ્રદૂષણનું જોખમી સ્તર



સુરતઃ શહેરમાં શિયાળાની શરૂઆત સાથે જ વાયુ પ્રદૂષણની ગંભીર સ્થિતિ સામે આવી છે. તાજા રિયલ ટાઇમ એર ક્વોલિટી રિપોર્ટ મુજબ સુરતનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 192 પર પહોંચી ગયો છે. PM2.5નું પ્રમાણ 111 g/m અને PM10નું પ્રમાણ 124 g/m નોંધાતાં શહેરની હવા સ્વાસ્થ્ય માટે ચિંતાજનક બની છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વાસની તકલીફ ધરાવતા લોકો માટે પ્રદૂષિત હવા જોખમી બની શકે છે. રાજ્યના બે મોટા મહાનગરોની સરખામણીમાં પણ સુરતની સ્થિતિ અમદાવાદ કરતાં વધુ ખરાબ નોંધાઈ છે. અમદાવાદનો લાઇવ AQI 169 રહ્યો છે, જ્યારે સુરતનો આંકડો 192 સુધી પહોંચ્યો છે. અમદાવાદમાં PM2.5નું પ્રમાણ 81 g/m સામે સુરતમાં 111 g/m નોંધાયું છે. એટલે કે સુરતમાં સૂક્ષ્મ રજકણોનું પ્રમાણ વધુ હોવાથી હવાની ગુણવત્તા અંગે ચિંતા વધી છે.

શહેરના પોશ ગણાતા વિસ્તારો પણ પ્રદૂષણથી બાકાત રહ્યા નથી. ન્યૂ સિટી લાઇટ અને અડાજણ ગામમાં AQI 172, VIP રોડ પર 185, વેસ્ટર્ન પાર્કમાં 184, સોમેશ્વરા એન્ક્લેવમાં 172 અને તુલસી સોસાયટીમાં 200 નોંધાયો છે. બીજી તરફ કોસાડની SMC EWS ટાઉનશિપમાં AQI 255 સાથે સૌથી ખરાબ સ્થિતિ સામે આવી છે. ઉત્રાણ અને બાલેશ્વરમાં 213, સેફ્રોન બંગલોમાં 212, જલારામનગરમાં 211 તથા ભીમરાડમાં 208નો આંક નોંધાયો છે. શહેરના અનેક વિસ્તારોમાં AQI 200ને પાર જતાં પ્રદૂષણ નિયંત્રણ અને હવાની ગુણવત્તા સુધારવા માટે તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે.

ન્યૂ સિટી લાઇટ અને VIP રોડ પર શ્વાસ લેવો મુશ્કેલ

શહેરના પોશ ગણાતા વિસ્તારોમાં પણ વાયુ પ્રદૂષણથી કોઈ રાહત મળી રહી નથી. ન્યૂ સિટી લાઇટ વિસ્તારમાં AQI 172 અને PM2.5નું સ્તર 86 g/m નોંધાયું છે. આ ઉપરાંત અડાજણ ગામ (172), VIP રોડ (185), વેસ્ટર્ન પાર્ક (184), સોમેશ્વરા એન્ક્લેવ (172) તથા તુલસી સોસાયટી (200) જેવા પ્રમુખ વિસ્તારોમાં હવા સતત 'અનહેલ્ધી' કક્ષામાં રહી છે.

સુરત અને અમદાવાદની સરખામણી


અમદાવાદનો સરેરાશ
AQI: 169


સુરત શહેરનો સરેરાશ
AQI: 192

સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતો રોકવા ૩૨૦ દબાણ દૂર કરાયાં

જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં અકસ્માતનાં જોખમી સ્થળો અને બ્લેક સ્પોટ્સની સમીક્ષા

મોગલધામ પાસે હાઈમાસ્ટ ટાવર અને ફૂટ ઓવરબ્રિજ બનશે

માર્ગ સલામતી માટે ૩૦ 'સડક સુરક્ષા મિત્રો'ને તાલીમ અપાઈ

માર્ગ સલામતીની કામગીરીમાં નાગરિકોની ભાગીદારી વધારવા 'સડક સુરક્ષા મિત્ર પ્રોગ્રામ' હેઠળ ૩૦ સ્વયંસેવકોનું રજિસ્ટ્રેશન કરીને તેમને જરૂરી તાલીમ આપવામાં આવી છે. આ સ્વયંસેવકો દ્વારા લોકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો કરાશે. બેઠકમાં કલેક્ટરે સંબંધિત વિભાગો વચ્ચે સંકલન જાળવી અકસ્માત નિવારણનાં પગલાં સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો. બેઠકમાં આરટીઓ, આરોગ્ય, નેશનલ હાઈવે, માર્ગ અને મકાન તથા માહિતી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતઃ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર નડતરરૂપ બનેલાં ૩૨૦ અનધિકૃત દબાણો નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દૂર કરવામાં આવ્યાં છે. બીજી તરફ, વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મોગલધામ ખાતે હાઈમાસ્ટ ટાવર સ્થાપિત કરવાની સાથે ફૂટ ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. માર્ગ અકસ્માતો અટકાવવા માટેની આ કામગીરીની જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં માર્ગ અકસ્માતોની સ્થિતિ, અકસ્માતોની સંભાવના ધરાવતા સ્થળો અને બ્લેક સ્પોટ્સ પર ચાલી રહેલી કામગીરીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના અનધિકૃત દબાણો વાહનવ્યવહાર અને માર્ગ સલામતી માટે જોખમરૂપ બનતાં હોવાથી હાઈવે ઓથોરિટી દ્વારા હાથ ધરાયેલી કામગીરી અંગે અધિકારીઓએ વિગતો રજૂ કરી હતી. અત્યાર સુધીમાં કુલ ૩૨૦ દબાણ દૂર કરવામાં આવ્યાં હોવાનું જણાવાયું હતું. મોગલધામ ખાતે વાહનચાલકોની સુરક્ષા માટે હાઈમાસ્ટ ટાવર સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો છે. રાહદારીઓને રસ્તો ઓળંગવામાં પડતી મુશ્કેલી અને સંભવિત અકસ્માતો નિવારવા ફૂટ ઓવરબ્રિજ બનાવવાની દિશામાં પણ આયોજન હાથ ધરાયું છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના પેકેજ-9 માટે 6 કંપનીની દાવેદારી

કરવડ-જુજુવાના 26.6 કિમીના સેક્શન માટે NHAI એ ખોલી ટેકનિકલ બિડ

540 દિવસમાં કામ પૂરું કરવાનો ટાર્ગેટ

સુરતઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના ગુજરાત ભાગમાં અટકેલા કામને ગતિ આપવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ ફરી એકવાર ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. સુરત યુનિટ હેઠળ આવતા પેકેજ-9 માટે છ કંપનીએ દાવેદારી નોંધાવી છે. નવાઈની વાત એ છે કે જે કંપનીનું ખરાબ કામગીરીને કારણે ટેન્ડર રદ કરવામાં આવ્યું હતું, તે જ રોડવે સોલ્યુશન્સ ઈન્ડિયા ઈન્ફ્રા લિમિટેડે ફરી બોલી લગાવી છે.

ફાઈનાન્સિયલ બિડ મુજબ કોન્ટ્રાક્ટર નક્કી થશે

કરવડથી જુજુવા વચ્ચેના લગભગ 26.6 કિમી લાંબા સેક્શન માટે NHAI એ નવેસરથી બિડ મંગાવી હતી. હવે ટેકનિકલ બિડ ખોલવામાં આવી છે. જેમાં અગ્રવાલ ઈન્ફ્રાબિલ્ડ, સિંગલ ઈન્ડિયા, કલથિયા એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન, અશોકા બિલ્ડકોન, રોડવે સોલ્યુશન્સ ઈન્ડિયા ઈન્ફ્રા અને RRSM ઈન્ફ્રાએ ભાગ લીધો છે. ટેકનિકલ મૂલ્યાંકન બાદ પાત્ર કંપનીઓની ફાઈનાન્સિયલ બિડના આધારે કોન્ટ્રાક્ટર નક્કી થશે.

જેનો કોન્ટ્રાક્ટ રદ કરાયો એ જ ફરી રેસમાં

આ પેકેજનો મૂળ કોન્ટ્રાક્ટ રોડવે સોલ્યુશન્સ ઈન્ડિયા ઈન્ફ્રા લિમિટેડને આપવામાં આવ્યો હતો. પરંતુ કામમાં વિલંબ અને અસંતોષકારક પ્રગતિને કારણે NHAI એ તેનો કોન્ટ્રાક્ટ સમાપ્ત કરી દીધો હતો. હવે તે જ કંપનીએ ફરીથી બોલી લગાવીને આ પ્રોજેક્ટમાં વાપસીનો દાવો કર્યો છે, જેના કારણે આ ટેન્ડર પ્રક્રિયા વધુ રસપ્રદ બની છે.

540 દિવસમાં કામ પૂરું કરવાનું રહેશે

નવા ટેન્ડરની શરતો મુજબ, કોન્ટ્રાક્ટ મળ્યાની તારીખથી 540 દિવસની અંદર બાંધકામ પૂરું કરવું પડશે. એટલે કે નવા કોન્ટ્રાક્ટરની નિમણૂક બાદ પણ આ મહત્ત્વના સેક્શનને તૈયાર થતાં દોઢ વર્ષ જેટલો સમય લાગશે. ગુજરાતમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ-8 અને પેકેજ-9 માં સતત આવી રહેલી અડચણો વચ્ચે આ ટેન્ડર મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે.

ઉધના-જયનગર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવાઈ, 2,400 મુસાફરોને લાભ

સુરતઃ દિવાળી અને છઠ પૂજાના તહેવારની ભીડને ધ્યાનમાં રાખીને ઉધના અને જયનગર વચ્ચે વધારાની સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી છે. 4 નવેમ્બર 2026ના રોજ બપોરે 11:30 વાગ્યે ટ્રેન નંબર 09075 ઉધના-જયનગર સ્પેશિયલ ઉધનાથી રવાના કરવામાં આવી હતી. આ નિર્ણય મુંબઈ સેન્ટ્રલના સિનિયર DCM આદિશ પઠાનિયા દ્વારા મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો. આ સ્પેશિયલ ટ્રેનમાં અંદાજે 2,200 થી 2,400 મુસાફરએ મુસાફરી કરી હતી. તહેવારના સમયે બિહાર તરફ જતી રેગ્યુલર ટ્રેનોમાં ભારે ભીડ હોવાથી આ વધારાની ટ્રેન દોડાવવામાં આવી હતી. વધારાની ટ્રેન સાથે જ મુસાફરોની વધારાની ટ્રેની માંગ પૂરી કરવામાં આવી હતી.

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનાં આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ

૪ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે

તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન અરજી ફરજિયાત



સુરત : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૭માં યોજાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષાનાં આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચના મુજબ વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ૪ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી ઓનલાઇન આવેદનપત્ર ભરી શકશે. આ માટે બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર બપોરે ૧૨ વાગ્યાથી ઓનલાઇન ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

બોર્ડની યાદી અનુસાર ધોરણ-૧૦, સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓએ નિયત સમયમર્યાદામાં આવેદનપત્ર ભરવાના રહેશે. ઓનલાઇન ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી રાખવામાં આવી છે. ખાસ કરીને નિયમિત વિદ્યાર્થીઓ ઉપરાંત પુનરાવર્તિત (રિપીટર), જીએસઓએસ રેગ્યુલર, જીએસઓએસ રિપીટર અને પૃથક વિદ્યાર્થીઓ માટે પણ ઓનલાઇન આવેદનપત્ર ભરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. એટલે કે પરીક્ષાની તમામ કેટેગરીના વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. બોર્ડ દ્વારા આવેદનપત્ર ભરવા સંબંધિત જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શિકા સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવશે. શાળાના સંચાલકો, આચાર્યો, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને સમયમર્યાદા પહેલાં આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

મર્સિડીઝ કારચાલકે મોપેડચાલક યુવકને અડફેટે લેતા ગંભીર ઈજા

સુરતઃ સુરતના મગદલ્લા બંદર ત્રણ રસ્તા નજીક પૂરપાટ ઝડપે દોડતી મર્સિડીઝ કાર કાર (નં. GJ 05 RA 8305)ના ચાલકે નોકરી પર જઈ રહેલા પુણાગામના ૨૫ વર્ષીય ઉત્કર્ષ પટેલના એક્ટિવાને જોરદાર ટક્કર મારી ગંભીર અકસ્માત સર્જ્યો હતો. આ દુર્ઘટનામાં ઉત્કર્ષને માથા, ચહેરા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં તે પથારીવશ છે. શરૂઆતમાં પાલમાં રહેતા કારના માલિક આકાશ માયાભાઈ સોનાણીએ સારવારનો તમામ ખર્ચ ઉઠાવવા અને પગાર આપવાની ખાતરી આપી હતી જેમાં ટુકડે ટુકડે રૂ.૧૦ લાખ આપ્યા હતા. પરંતુ, હજુ સારવાર ચાલુ હોવાથી અને વધુ નાણાંની જરૂર ઊભી થતાં તેને ફોન કર્યો હતો તો તેને નાણાં આપવાની ના પાડી દીધી હતી.વિશ્વાસઘાત કરતા પીડિત યુવકના પિતાએ ડુમસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નશાની હાલતમાં ટ્રક ચલાવી અકસ્માત કેસમાં ગ્રાહક કમિશને વીમા ક્લેઈમ ફગાવ્યો

નશામાં વાહન ચલાવી નુકસાન કરવું એ વીમા કંપનીની જવાબદારી બહાર છે

સુરતઃ નશાની હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જનાર ટ્રકચાલકનો વીમો વીમા કંપનીએ રદ કર્યો હતો. જેને સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડિશનલ)એ યોગ્ય ઠેરવી વાહનમાલિકની ફરિયાદ રદ કરી દીધી હતી.

તા.૧૪/૧૨/૨૦૧૯ના રોજ ફરિયાદી હકાભાઈ ભુટાભાઈ શ્યારાની ટ્રકમાં રેતી ભરી ડ્રાઈવર વિધ્યાચલ રાજપીપળાથી સુરત આવી રહ્યો હતો, ત્યારે આમલેથા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટ્રેક્ટર સાથે અકસ્માત સર્જાયો હતો અને ટ્રકને ભારે નુકસાન થયું હતું. નશામાં ટ્રક ચલાવવા બદલ પોલીસે ડ્રાઈવર વિધ્યાચલની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદીને ટ્રક રિપેર કરાવવાનો અંદાજ રૂ.૨,૨૮,૮૪૭ થયો હતો. જે અંગેનો ક્લેઈમ વીમા કંપનીએ પોલિસીની શરતો મુજબ ડ્રાઈવર અકસ્માત વખતે નશાની અસરમાં હોવાનું જણાવીને ક્લેઈમ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદીએ વીમાની રકમ વ્યાજ સહિત મેળવવા અથવા નોન-સ્ટાન્ડર્ડ બેઝીસ પર ૭૫% રકમ મેળવવા સુરત ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી હતી. વીમા કંપની તરફે એડ્વોકેટ દર્શન શાહે દલીલો કરી હતી. પક્ષકારોની રજૂઆત અને પુરાવાના અધ્યયન બાદ કમિશને માન્યું હતું કે, ટ્રકના ડ્રાઈવરે નશાની હાલતમાં અકસ્માત કર્યો હતો. જો કોઈ વીમાધારક કે તેની સંમતિથી વાહન ચલાવનાર વ્યક્તિ નશાની અસરમાં હોય અને અકસ્માત થાય, તો કંપની નુકસાન ચૂકવવાપાત્ર રહેતી નથી.

ઉધના પાલિકા બજારમાં ઘટાદાર વૃક્ષ ધરાશાયી, પાર્ક કરેલી 4 બાઈક દબાઈ

કોમલ સર્કલ નજીક બપોરે બનેલી ઘટનાને લઈ ભયનો માહોલ



સુરતઃ બુધવારે બપોરે ઉધના કોમલ સર્કલ નજીક આવેલા પાલિકા બજારના મેદાનમાં એક ઘટાદાર વૃક્ષ અચાનક ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. વૃક્ષ નીચે પાર્ક કરવામાં આવેલી ચાર જેટલી મોટરસાઇકલને બહાર કઢાઈ હતી. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

પ્રાપ્ત વિગતો મુજબ બુધવારે બપોરે આશરે 2:30 વાગ્યાના અરસામાં પાલિકા બજારના મેદાનમાં આવેલું એક ઘટાદાર વૃક્ષ અચાનક જ ધરાશાયી થઈ ગયું હતું. વૃક્ષની વિશાળ ડાળીઓ અને થડ નીચે પાર્ક કરેલી ચાર જેટલી મોટરસાઇકલો આવી જતાં વાહનોને નુકસાન થયું હતું. અચાનક વૃક્ષ પડવાનો અવાજ થતાં આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા.

બનાવની જાણ થતાં જ ઉધના ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી વૃક્ષની મોટી ડાળીઓ કાપી મોટરસાઇકલોને સાવચેતીપૂર્વક બહાર કાઢી હતી. ફાયર વિભાગની સમયસૂચક કામગીરીને કારણે દબાયેલાં વાહનોને બહાર કાઢવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

આ અંગે ફાયર ઓફિસર નરોત્તમ ખલાસીએ જણાવ્યું હતું કે, બપોરે વૃક્ષ ધરાશાયી થવાની જાણ થતાં જ ઉધના ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી. વૃક્ષની ડાળીઓ કાપીને નીચે દબાયેલાં વાહનોને બહાર કાઢવામાં આવ્યાં હતાં. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

માત્ર રૂ.૨૨૯માં પશુપાલકોને મળશે રૂ.૪૦ હજારનું વીમા કવચ

ગાંધીનગરઃ નેશનલ લાઇવસ્ટોક મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭માં રાજ્યના એક લાખ પશુઓને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ યોજના હેઠળ પશુપાલકો માત્ર રૂ.૨૨૯નું પ્રીમિયમ ભરીને પોતાના પશુ માટે રૂ.૪૦ હજાર સુધીનું એક વર્ષનું વીમા કવચ મેળવી શકશે. વીમા પ્રીમિયમના ૮૫ ટકા એટલે કે રૂ.૧,૩૦૦ની સહાય સરકાર ચૂકવશે. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કેબિનેટ બેઠક બાદ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, પશુપાલકોની આર્થિક સુરક્ષા મજબૂત કરવાના હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. યોજના હેઠળ એક કુટુંબ મહત્તમ ૧૦ મોટા પશુ અથવા ૧૦૦ નાના પશુઓનો વીમો કરાવી શકશે. મોટા પશુઓમાં ગાય, ભેંસ, ઘોડા, ગધેડા, ઊંટ, આખલા, બળદ અને પાડાનો સમાવેશ થાય છે.

રેલવેમાં ટિકિટ વિનાના મુસાફરો પાસેથી 7 મહિનામાં 138 કરોડનો દંડ વસૂલાયો

એપ્રિલથી ઓક્ટોબર 2026માં 17.93 લાખ વગર ટિકિટે મુસાફરો ઝડપાયા

સુરતઃ વગર ટિકિટે મુસાફરી કરનારાઓ સામે પશ્ચિમ રેલવેએ કડક ઝુંબેશ હાથ ધરી છે અને છેલ્લા સાત મહિનામાં રેકોર્ડબ્રેક દંડ વસૂલ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ એપ્રિલથી ઓક્ટોબર 2026 દરમિયાન હાથ ધરાયેલી સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશમાં કુલ 17.93 લાખ ટિકિટ વગરના અને અનિયમિત મુસાફરો તથા અનબુક્ડ લગેજના કેસ પકડાયા છે, જેની પાસેથી 138.05 કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. સિનિયર કોમર્શિયલ અધિકારીઓની દેખરેખ હેઠળ ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા મુંબઈ સબર્બન લોકલ ટ્રેન, લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ, પેસેન્જર અને હોલીડે સ્પેશિયલ ટ્રેનોમાં આ ચેકિંગ હાથ ધરાયું હતું. માત્ર ઓક્ટોબર 2026 મહિનાની વાત કરીએ તો 2.44 લાખ કેસમાંથી 21.53 કરોડ રૂપિયાની વસૂલાત કરાઈ છે. મુંબઈ સબર્બન સેક્શનમાં પણ રેલવેએ કડકાઈ વધારી છે. એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન સબર્બન નેટવર્કમાં 6.28 લાખ કેસ પકડીને 36 કરોડ રૂપિયા વસૂલાયા છે.

સૌથી ચોંકાવનારો આંકડો AC લોકલ ટ્રેનનો છે. સામાન્ય ટિકિટ લઈને AC લોકલમાં મુસાફરી કરતાં મુસાફરો સામે ચલાવાયેલી ખાસ ઝુંબેશમાં આ ગાળા દરમિયાન લગભગ 1.13 લાખ કેસ પકડાયા છે,

અનુસંધાન... પાના છેલ્લાનું

માંગમાં વધારો...

અને રાજસ્થાનમાં ભેળસેળયુક્ત ઘી સામેની કાર્યવાહી બાદ ગ્રાહકોનો વિશ્વસનીય બ્રાન્ડેડ ઘી તરફનો ઝુકાવ વધ્યો હોવાનું પણ અહેવાલોમાં જણાવાયું છે. છેલ્લા છ મહિનામાં બંને રાજ્યોમાં આશરે બે લાખ કિલો નકલી ઘી પકડાયાની માહિતી પણ સામે આવી છે. કેટલાક બજારોમાં અમૂલ ગાયના ઘીની અછત હોવાની ચર્ચા છે.

એક જ વર્ષ...

કરવામાં આવી હતી. 100 ગ્રામ માખણ રૂ.62થી ઘટાડીને રૂ.58 અને 500 ગ્રામનું પેક રૂ.305થી ઘટાડીને રૂ.285 કરાયું હતું.

9 વર્ષે નાણાં...

ગંભીર ઘટના સામે આવી છે. કંપનીના ડાયરેક્ટરો, જનરલ મેનેજરો અને એજન્ટોએ ભેગા મળીને રોકાણકારો સાથે રૂ. 3.55 કરોડથી વધુનું ઉઠામણું કરતા સમગ્ર સહકારી અને નાણાકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે.

અડાજણ વિસ્તારમાં ભગવતી પાર્ક સોસાયટીમાં રહેતા અને હાલ નિવૃત્ત જીવન ગુજારતા 67 વર્ષીય મુકેશકુમાર રામકૃષ્ણભાઈ દવે દ્વારા સલાબતપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. સને 2017 દરમિયાન તેમના ઓળખીતા મારફતે આ કંપનીના એજન્ટ ધીરૂભાઈ ખોખર સાથે મુલાકાત થઈ હતી. ઉધના રોડ પર શાસ્ત્રીનગર કોર્નર સ્થિત કોર્પોરેટ સેન્ટરમાં આવેલી કંપનીની ઓફિસે લઈ જઈને ધીરૂભાઈએ કંપની છેલ્લા 20 વર્ષથી કાર્યરત હોવાનું અને રોકાણ પર મોટું વળતર આપતી હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. કંપનીના મુખ્ય કર્તાહર્તાઓ અને ડાયરેક્ટરો રાજકુમાર કૈલાશ રાય, ઉત્કર્ષ રાજકુમાર રાય સહિતનાઓએ વિવિધ સ્થળોએ મીટિંગો યોજી હતી. આ મીટિંગોમાં રોકાણકારોને 6 વર્ષમાં નાણાં ડબલ કરી આપવાની, રોકાણની રકમ પર દર મહિને ફિક્સ વ્યાજ ચૂકવવાની તેમજ વધુ રોકાણ કરાવનારને કંપનીના ખર્ચે સિંગાપોર ટૂરનો લાભ આપવાની મોટી-મોટી લાલચો આપવામાં આવી હતી.

આ લોભામણી વાતોમાં આવીને મુકેશભાઈ તથા તેમના પરિવારજનોએ તેમજ અન્ય સેંકડો રોકાણકારોએ વર્ષ 2017 થી 2020 દરમિયાન આ કંપનીઓમાં તબક્કાવાર માતબર રકમનું રોકાણ કર્યું હતું.મુકેશભાઈ અને તેમના પરિવારના સભ્યોના નામે કુલ રૂ. 23.83 લાખનું રોકાણ કરવામાં આવ્યું હતું, જેની પાકતી મુદતે મળવાપાત્ર થતી રકમ રૂ. 3.14 કરોડથી વધુની રકમ આજદિન સુધી ચૂકવવામાં આવી ન હતી. આ ઉપરાંત, અન્ય અસંખ્ય રોકાણકારો પાસેથી પણ રૂ. 2.15 કરોડથી વધુનું રોકાણ કરાવીને કુલ રૂ. 3,55,51,265/- ની મત્તા ચાંપી દેવામાં આવી હતી.આ મામલે મુકેશભાઈની ફરિયાદના આધારે પોલીસે કંપનીના ડિરેક્ટરો રાજકુમાર કૈલાશ રાય, અરવિંદ કૈલાશ રાય, રાહુલ રાજકુમાર રાય, ઉત્કર્ષ રાજકુમાર રાય, ઉષા રાજકુમાર રાય, જનરલ મેનેજર હસમુખભાઈ ડોડિયા, ઘનશ્યામભાઈ પટેલ અને સિનિયર લીડર-એજન્ટ ધીરૂભાઈ નાનજીભાઈ ખોખર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ ગંભીર આર્થિક ગુનાની આગળની તપાસ આર્થિક ગુના નિવારણ શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી. બારીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

દિવાળીઃ 9મી...

કર્મચારીઓને ૮થી ૧૧ નવેમ્બર સુધી સતત ચાર દિવસનું મીની વેકેશન મળશે. અગાઉના જાહેર રજા કેલેન્ડર મુજબ ૮ નવેમ્બરે રવિવારે દિવાળી, ૧૦ નવેમ્બરે મંગળવારે નૂતન વર્ષ અને ૧૧ નવેમ્બરે બુધવારે ભાઈબીજની રજા જાહેર કરવામાં આવી હતી. આ ત્રણ રજાઓની વચ્ચે આવતા ૯ નવેમ્બરના પડતર દિવસને પણ સરકારે જાહેર રજા તરીકે જાહેર કરતાં કર્મચારીઓને પરિવાર સાથે તહેવારની ઉજવણી માટે સતત ચાર દિવસનો સમય મળશે.

૨૮ નવેમ્બરે ઓફિસો ચાલુ રહેશે

જોકે, તા. ૯ નવેમ્બરની જાહેર રજાની ભરપાઈ કરવા માટે ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના ચોથા શનિવારે રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં નિયમિત કામકાજ ચાલુ રહેશે. આ નિર્ણય રાજ્ય સરકારની સરકારી કચેરીઓ ઉપરાંત પંચાયતો, બોર્ડ અને કોર્પોરેશનોને પણ લાગુ પડશે. સરકારના આ નિર્ણયથી દિવાળીના તહેવારોમાં વતન જવા ઇચ્છતા કર્મચારીઓને પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે, જ્યારે રજાની ભરપાઈ માટે ચોથા શનિવારે કચેરીઓમાં કામકાજ કરવાનું રહેશે.

વનમંત્રીની લેખિત બાંયધરી બાદ વનરક્ષક કર્મીઓની હડતાળ સમેટાઈ

રિસ્ક એલાઉન્સ, રજા પગાર, ગ્રેડ પે, મહેકમમાં વધારો, બદલી અંગે રજૂઆત હતી

ગાંધીનગરઃ ગુજરાતમાં પડતર માંગણીઓના સમર્થનમાં વનરક્ષક કર્મચારીઓ દ્વારા ચાલી રહેલી હડતાળ વનમંત્રી અર્જુન મોઢવાડિયાની લેખિત બાંહેધરી બાદ સમેટવામાં આવી છે. વનમંત્રી સાથે સંયુક્ત કર્મચારી મહામંડળના હોદ્દેદારોની હાજરીમાં યોજાયેલી બેઠકમાં રિસ્ક એલાઉન્સ, રજા પગાર, ગ્રેડ પે, મહેકમમાં વધારો અને બદલી સહિતના પાંચ મુખ્ય મુદ્દાઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં રિસ્ક એલાઉન્સ અને રજા પગારના પ્રશ્નો નાણા વિભાગમાં પેન્ડિંગ હોવાનું જણાવાયું હતું. વનરક્ષક યુનિયનએ જણાવ્યું હતું કે વનમંત્રીની લેખિત બાંહેધરીને પગલે હડતાળ પૂર્ણ કરવાનો નિર્ણય લેવાયો છે. જોકે, પડતર માંગણીઓ અંગે લેખિત ઠરાવ કરવામાં નહીં આવે તો ફરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ તેમણે આપી હતી.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૫૭૫/૨૬-૨૭	પા.પુ. (ઇલે.મિકે)	૦૨	૧૨,૦૨,૧૬,૨૭૨/-
૨	૫૭૭/૨૬-૨૭	પશ્ચિમ ઝોન	૦૨	૧,૩૮,૨૩,૦૯૦/-
૩	૫૭૮/૨૬-૨૭	ફ્યુચરિસ્ટીક પ્લાનીંગ સેલ	૦૧	૪,૦૦,૦૦,૦૦૦/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૫૮૬/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

નિવિદા નં.૧૦(સુધારો-૧) સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય.

કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત (મા. અને મ.) વિભાગ નં.-૧, દયાળજીબાગની સામે, નાનપુરા, સુરત ફોન નં. ૨૪૬૪૧૬૨ દ્વારા નિવિદા નં.૧૦ સને ૨૦૨૬-૨૭ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.
ઉપરોક્ત ટેન્ડરના દસ્તાવેજો વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૧/૧૧/૨૦૨૬ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે.
નિવિદા ફક્ત રાજ્ય સરકારની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે. વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઇટ જોવા વિનંતી છે. અથવા ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઇજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.
કાર્યપાલક ઇજનેર
સુરત (મા.મ.) વિભાગ નં.-૧
ક્રમાંકઃ માહિતી-સુરત/૮૩૪/૨૦૨૬ સુરત

Surat Municipal Corporation
Public Infrastructure Cell
Online Tender Notice No. DMC/P.I.CELL/09/2026-27

Surat E-Tender (Online) Invitation Notice Tender Notice (Online) No. DMC/P.I.CELL/09/2026-27, the tender is invited online on https://smctender.nprocure.com from experienced Government approved Contractor with following schedule:

Name of Department	Public Infra. Cell (Civil)
No. of work	01

No.P.R.O./327/2026-27
Dt. 04/11/2026
Dy. Muni. Commissioner
Public Infrastructure Cell
Surat Municipal Corporation